હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હવે આ બોર્ડ બદલી નાખવું પડશે...!!

સિવિલમાં ૭ માળેથી દર્દી ગાયબ થતા હોબાળો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સિવિલમાં મંગળવારના રોજ સવારના સુમારે ૭ માળે આવેલા શંકાસ્પદ વોર્ડમાંથી દર્દી ગાયબ થઈ ગયો હતો. ડોકટર, સ્ટાફ અને સિક્યુરીટી ગાર્ડ સહિતના કર્મચારીઓ દર્દીને શોધખોળ શરુ કરી હતી. દર્દી વોર્ડમાંથી ગુમ થતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જયારે શોધખોળને અંતે દર્દી એકસ-રે અને તાત્કાલીક વિભાગની લોબીમાંથી મળી આવ્યો હતો. ત્યારે તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

ગાંધીનગર હોસ્પિટલ કેમ્પસમાં ૬૦૦ બેડની નવી

બિલ્ડીંગમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરાઈ છે. ત્યારે ૮ માળે પોઝીટીવ દર્દીઓ અને ૭ મા માળે શંકાસ્પદ દર્દીઓને રાખીને સારવાર આપવામાં આવે છે. અત્યારે હાલના સમયે આ બિલ્ડીંગમાં લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. દર્દીઓની સલામતીને ધ્યાને રાખીને સિક્યુરીટી ગાર્ડ પણ તૈનાત હોય છે. તેમ છતા મંગળવારના રોજ સવારે શંકાસ્પદ વોર્ડમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી સારવાર મેળવી રહેલ ગ્રામ્ય વિસ્તારનો પુરુષ દર્દી અચાનક વોર્ડમાંથી નીચે જતા રહ્યા હતા. ત્યારે થોડા સમય બાદ સ્ટાફના કર્મચારીઓને જાણ થઈ કે દર્દી જતા રહ્યા છે. જેથી ડોકટર, સ્ટાફ અને સિક્યુરીટી સહિતના કર્મચારીઓ દોડતા થઈ ગયા હતા. સ્ટાફના કર્મચારીઓ દર્દીને શોધવા માટે હોસ્પિટલ ખુંદી વળ્યા હતા.દર્દી ગુમ થયાની જાણ થતા ઉચ્ચ અધિકારીઓમાં પણ હડકંપ મચી ગયો હતો. ત્યારે દર્દીની લાંબી શોધખોળ બાદ દર્દી એકસ રે વિભાગ પાસેની લોબીમાંથી મળી આવ્યો હતો. જયારે દર્દી ગુમ થતા સિક્યુરીટી સ્ટાફ અને વર્ગ-૪ ના કર્મચારીઓ વચ્ચે રકઝકના દ્રશ્યો પણ સર્જાયા હતા.

ખૂણેખાંચરેથી

- ખેડૂતો માટે આઈ. પોર્ટલ ૩૧મી સુધી ખોલવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.
- આગામી ૧૦મી સુધી જિલ્લામાં આગ ઓખતી ગરમી ઓછી નહિ થાય જો કે ૯મી અને ૧૦મી એ તાપમાનમાં એક ડિગ્રી ઘટાડો થવાની સંભાવના છે તેવી આગાહી દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાનના બુલેટીનમાં કરાઈછે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ કોરોનાને લઈ માસ સેમ્પલીંગ કરવામાં આવ્યું હતું.
- ગાંધીનગર શહેરમાં વસતા અને અમદાવાદ જતા કર્મચારીઓ જે આવશ્યક સેવા સાથે સંકળાયેલ નહિ હોય તેમને જવા કે આવવા દેવામાં આવશે નહિ.

શહેરમાં ૪૪ નાગરિકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ચાલવા માટે નીકળેલા ૯ નાગરીકો પણ ઝપટે આવી ગયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં લોકડાઉન વચ્ચે પણ ચાલવા માટે નીકળેલા ૯ નાગરીકો સહિત શહેર તાલુકા ૪૪ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. ગાંધીનગર એલસીબી-૨ એ સેકટર-૯ એરફોર્સના વળાંક પાસેથી ચાલવા માટે નીકળેલા ગૌતમભાઈ કરશનભાઈ પાનખાનીયા (સે-૧૯) તેમજ સાયકલીગ માટે નીકળેલા નિયલ છોટુભાઈ દેસાઈ (સે-૨૧)ને પકડી પાડ્યા હતા. જયારે બીજીબાજુ ચ-૨ સર્કલ પાસે અજય શશીકાંત પટેલ (સે-૭ એ), ઘ-૨ પાસે હિતેશ હિરાભાઈ પ્રજાપતિ (સે-૬), જયંતિભાઈ નાગરભાઈ પ્રજાપતિ (સે-૩ ડી) રીચર્ડ આલ્બર્ટ ડીસુઝા (સે-૭ સી), હિતેશ રાજુજી ગોલ (સે-૪સી)ને પકડી પાડયા હતા અને તમામ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાવ્યો હતો.

જયારે ઈન્ફોસીટી પોલીસે રાંદેસણ મેઘધનુષ સોસાયટી પાસેથી ધ્રુવીત ગીરીશભાઈ દલવાડી અને પ્રતિક ઉમેશભાઈ પટેલ સામે ગુનો નોંધ્યો છે. સેકટર-૭ પોલીસે સે-૨ કોર્નર પાસે માસ્ક વિના ફરતા દિપરાજ મનોજભાઈ અંસારા (સે-૧)ને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે આંટા ફેરા મારવા માટે નીકળેલા નાગરીકોમાં આલમપુર પાસેથી ૨, દોલારાણા વાસણાથી ૧, ડભોડા પોલીસે રણાસણથી ૧, વાંકાનેરડાથી ૧, શાહપુરથી ૧, બાસણથી ૧, સેકટર-૨૧ થી ૪, સે-૧૩ થી ૮, ચ-૨ સર્કલથી ૧, ઘ-૨ સર્કલથી ૧, ગ-૧ સર્કલથી ૧, ખ-૩ નજીકથી ૨, ઘ-૩ થી ૧, સે-૪ થી ૨, અને વાવોલ ગામેથી એક શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે ચિલોડા પોલીસના જવાનોએ સર્કલ પાસેથી માસ્ક પહેર્યા વિના બાઈક પર ડબલ સવારી જતા મહુંધરાના અર્જુનભાઈ પ્રતાપજી વણઝારા અને અજયજી દશરથજી ઠાકોર તેમજ અન્ય બાઈક પર ડબલ સવારી જતા સાદરાના પ્રતાપજી વિષ્ણુજી મકવાણા અને સુરેશજી મકવાણાને પકડી પાડ્યા હતા. જયારે બીજીતરફ ઈસનપુર મોટા ગામે કરીયાણા સ્ટોરમાં માસ્ક અને સોશ્યિલ ડિસ્ટન્સ વિના વેપાર કરતા પ્રવિણભાઈ નટવરભાઈ પટેલ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે સેકટર-૧૩ ખાતે લિંબચમાતાના મંદિર પાસે શોંપિગ સેન્ટરમાં જનરલ સ્ટોર્સમાં સોશિયલ ડિસ્ટન્સનું પાલન નહી કરનાર હરેશ રમણલાલ વનરા સામે ગુનો નોંધ્યો હતો.

કોરોનાના કપરા સમયમાં વસાહતીઓએ પોતાની જરૂરીયાતો પર પણ કાપ મુકયો છે. બીન જરુરી કોઈ બહાર નીકળતું નથી અને ખરીદી કરતું નથી. આવા સમયે શાકભાજીવાળાઓને સૌથી વધુ નુકશાન ભોગવવું પડે છે. ઉધાર પૈસા લઈ શાકભાજીનો વ્યવસાય કરતા શ્રમિકોને ગરમીમાં શાકભાજી ન વેચાતા નુકશાનીનો સામનો કરવો પડે છે. બગડેલી શાકભાજી ના છૂટકે ફેંકી દેવી પડે છે ત્યારે આ નાના વેપારીઓની હાલત એક સાંધો ત્યાં તેર તુટે જેવી થાય છે.

તુલસીનો રસ સુદર્શનની ગોળીઓનુ ધૂમ વેચાણ

કોરોના વાઈસરની વૈશ્વિક મહામારી વચ્ચે લોકો હવે આર્યુવેદિક ઉપર ચઢી ગયા છે.બજારમાં સુદર્શન ઘનવટીનું સૌથી વધુ વેચાણ થઈ રહ્યુ છે. લોકો આર્યુવેદિક દુકાનમાં થઈને રોગ પ્રતિકારક શકિત વધે તે માટે જુદી જુદી આર્યુવેદિક દવાઓ માંગીને તેના અખતરા ચાલુ કર્યા છે.તો તુલસીનો રસનુ દરરોજ સેવ કરવાનુ કહીને તેની બોટલ વેચાઈ રહી છે. જયારે પોલીસ વિભાગ ખડેપગે રસ્તા ઉપર ઉભા રહીને ફરજ બજાવી રહ્યા છે ત્યારે તેમની હેલ્થ માટે શહેરની કેટલીક સંસ્થાઓ દ્વારા પોલીસને સુદર્શન ઘનવટી આપવાનું ચાલુ કર્યુ છે.

લૉકડાઉન-૩નો અમલ ગાંધીનગરમાં વધુ કડક બનાવાયો છે. લોકોને કયાંય બહાર નીકળવા દેવાતા નથી તો મોટાભાગની દુકાનો બંધ છે. આવા સમયે જે નાના-મોટા સુપર માર્કેટ ચાલુ છે ત્યાં વસાહતીઓ જીવન જરુરીયાતની ચીજવસ્તુઓની ખરીદી માટે આવે છે. અહીં સોશિયલ ડીસ્ટન્સીંગનું પાલન કરાવવું પડતું હોવાથી ગ્રાહકોને લાંબો સમય રાહ જોવી પડે છે.

શહેરના સે-૨૪ હરસિદ્ધનગરમાં દુર્ગંધયુક્ત પાણી આવતા રોગચાળાની દહેશત

ગાંધીનગર તા ૫

સે-૨૪ માં હરસિધ્ધ નગર સોસાયટીમાં છેલ્લા એક સપ્તાહથી દુર્ગંધયુક્ત પાણી આવતા સ્થાનિકોમાં રોગચાળાનો ખતરો મંડરાયો છે. સેકટરમાં દુર્ગંધયુક્ત પાણી આવતા સ્થાનિકોએ આ મામલે તંત્રને રજુઆત પણ કરી છે. પરંતુ મેનપાવરની ઉપલબ્ધિના અભાવે હજુ સુધી આ ફરિયાદનુ નિરાકરણ આવી શક્યુ નથી. લોકડાઉનના કડક અમલના લીધે આસપાસના વિસ્તારમાંથી આવતા મેનપાવરને પણ શહેરમાં પ્રવેશ અપાતો નથી. જેના લીધે પાણી અને ગટર વિભાગની ફરિયાદોનુ નિરાકરણ લાવવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. આ મામલે સરકારે ફરિયાદો નિવારવા ત્વરિત આયોજન કરવુ અનિવાર્ય છે.

સે-૨૪ હરસિધ્ધ નગરમાં છેલ્લા એક સપ્તાહથી પીવાનુ દુર્ગંધયુક્ત પાણી આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. આ અંગે સ્થાનિક રહીશોએ તંત્ર સમક્ષ રજુઆત પણ કરી છે. જયારે આ ફરિયાદો અન્વયે તંત્રની ટીમે સ્થળ પર તપાસ પણ કરી હતી. પરંતુ હાલ લોકડાઉનની સ્થિતિના લીધે પાણીના નમુનાનુ પરિક્ષણનુ કામ પણ કપરુ બન્યુ છે. જયારે સમસ્યાના નિવારણ માટે જરૂરી મેન પાવર પણ ફરજ પર આવી ન શકતા પાણીની સમસ્યાનુ નિરાકરણ લાવવામાં વિલંબ થઈ રહ્યો છે. ગાંધીનગર આસપાસના વિસ્તારમાંથી પણ પાણી ગટરની કામગીરી સંદર્ભે મોટી સંખ્યામાં કામ અર્થે નગરમાં આવે છે. પરંતુ હાલ લોકડાઉનના કડક અમલ વચ્ચે આ માણસો પણ શહેરમાં પ્રવેશ મેળવી શકતા નથી. પોલીસ પણ અટકાવે છે. આવા સંજોગોમાં પાણી ગટર સાથે સંકળાયેલી ફરિયાદોનુ નિરાકરણ પણ ઝડપથી આવી શકતુ નથી. કોરોના વાયરસની મહામારીના વધતા કેસના લીધે નાગરજનો વધુ સતર્ક બન્યા છે.જયારે શહેરમાં પણ કડક લોકડાઉન પાળવામાં આવી રહ્યુ છે. પરંતુ દુર્ગંધયુકત અને ડહોળા પાણીની સમસ્યાનુ ઝડપથી નિરાકરણ નહીં આવે તો પાણીજન્ય રોગચાળો પણ ગમે ત્યારે માથુ ઉંચકે તેવી દહેશત છે. આવા સંજોગોમાં રોગચાળાથી બચવા તેમજ શહેરમાં વિવિધ સેકટરોમાં સપ્લાય થતા પાણીના નમુનાની યોગ્ય ચકાસણી થાય તે પણ અનિવાર્ય છે.

સેકટરોમાં પાણી ગટરની ફરિયાદો નિવારવા માટે તંત્ર પાસે મેનપાવર નથી : કડક લોકડાઉન વચ્ચે આસપાસના ગામોમાંથી પણ માણસો આવી શકતા નથી : સરકારે આ મામલે ત્વરિત વ્યવસ્થા ગોઠવવી જોઇએ

જયારે સેકટરોમાં ઉદભવતી ફરિયાદોનુ પણ ત્વરિત નિરાકરણ આવશ્યક છે. પાટનગર યોજના ભવનના અધિકારીઓ પણ આ મામલે લાચારી સેવી રહ્યા છે. આવા સંજોગોમાં સરકારે શહેરીજનોની આ ગંભીર સમસ્યાના નિરાકરણ માટે જરૂરી આયોજન કરવાની અનિવાર્યતા છે. સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. ત્યારે લોકડાઉનમાં ઘરમાં પુરાયેલા નાગરિકોને પીવાનુ શુધ્ધ પાણી નસીબ થાય તે મામલે પણ હવે રજુઆત કરવાનો વારો આવ્યો છે. પાણી આવશ્યક સેવા છે. જયારે પાણી સાથે સંકળાયેલી ફરિયાદોને નિવારવા માટે ત્વરિત કામ હાથ ધરાય તેવી માંગ પણ સેકટરવાસીઓએ કરી છે.

ગાંધીનગરમાં કોરોનાના વધી રહેલા કેસ વચ્ચે વસાહતીઓએ હવે જાતે જ લૉકડાઉનનો અમલ કડક બનાવ્યો છે. સેકટર-૫ વસહત મંડળે સેકટરમાં પ્રવેશવાના તમામ માર્ગો બંધ કરાવી દીધા છે. માત્ર સીએનજી પંપનો રસ્તો વાહનોની અવરજવર માટે ચાલુ રાખવામાં આવ્યો છે.

કોરોના સામે લડવા આયુર્વેદ ઉકાળા અને હોમીયોપેથી અક્સીર

ગાંધીનગર, તા. ૫

ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર આયુષ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય દ્વારા પણ કોવિડ-૧૯નો ફેલાવો કાબૂમાં લાવવા માટે તેમજ આમ નાગરિકોની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવા માટે આયુર્વેદ તેમજ હોમિયોપેથી આધારિત દવાઓના સેવન પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૧ કરોડ ૫૬ લાખ નાગરિકો આયુર્દેવિક ઉકાળાનો, ૭.૯૮ લાખ નાગરિકો સંશમની વટીનો તેમજ ૯૬.૬૮ લાખ નાગરિકો હોમિયોપેથીની દવા આર્સેનિક આલ્બમ-૩૦ના વિનામૂલ્યે વિતરણનો લાભ લઈ ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે, ક્વૉરન્ટાઇન કરાયેલા ૧૩,૮૧૮ નાગરિકોને પણ આયુષની સારવાર આપવામાં આવી હતી. જેમાંથી માત્ર ૩૫ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

વાવોલ ગ્રામ પંચાયત સતર્ક બની : હેલ્થ સ્ક્રિનિંગ સાથે નિયમ પાલનના નિર્ણય લેવાયાં

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોમાં સતત વધતા કોરોના કેસોની ઝપેટમાં હવે ગામો પણ બાકાત રહ્યા નથી. તાજેતરમાં વાવોલ ગામ ખાતે એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ પંચાયત દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. આજ રોજ વાવોલ ગામ પંચાયત સદસ્યો અનિલસિંહ ગોલ તથા રૂપાંગભાઇ ગજ્જર, ગ્રામ સેવક જયેશભાઇ રાવલ તથા હેલ્થ વર્કર પારૂલબેન સોનીના સહયોગથી વિજય એપાર્ટમેન્ટ સોસાયટી ખાતે રહેતા તમામ રહીશોનુ થર્મો સ્કેનર દ્વારા સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. આ સાથે સોસાયટીના વડીલો અને નાની વયના બાળકોનુ વિશેષ ધ્યાન રાખવા અને બિનજરૂરી રીતે ઘરની બહાર ના નીકળવા અપીલ કરવામાં આવી હતી જેમાં સોસાયટીના મંત્રી તથા અન્ય હોદ્દેદારો એ સહયોગ આપ્યો હતો.

આ ઉપરાંત આજે વાવોલ ગામ પંચાયત ખાતે સરપંચ નગીનભાઈ નાડિયાની આગેવાની

હેઠળ યોજાયેલ એક મીટીંગના અનુસંધાને પંચાયત દ્વારા ગામના તમામ વિસ્તારોમાં લોકડાઉનનુ ચુસ્તપણે પાલન કરવામાં આવે એ હેતુથી ગામ પંચાયતના સદસ્યો તથા પંચાયત સ્ટાફ દ્વારા તમામ વિસ્તારોમાં તથા તમામ સોસાયટી વિસ્તારમાં સઘન પણે ચેકીંગ કરવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સાથે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા તમામ આદેશો જેવા કે માસ્ક પહેરવુ ફરજિયાત, સોશ્યલ ડીસ્ટંસ, દ્વિચક્રી વાહન પર ફકત એક મુસાફર, જીવન જરૂરી ચીજો અને અતિ આવશ્યક મેડિકલ સેવા મેળવવા સિવાય બહાર ફરતા વ્યક્તિઓ સોસાયટી અને મહોલ્લામાં એકઠા થઇ બેસનાર લોકો સામે કડક કાર્યવાહી વગેરેનો અસરકારક અમલ કરવા તેમજ તેનો ભંગ કરનાર પાસેથી પંચાયત દ્વારા દંડ પણ વસુલવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ફ્યુઅલ સરચાર્જમાં પ્રતિ યુનિટ ૧૬ પૈસાનો ઘટાડો

ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્યમાં વીજ વપરાશ કરતા વીજ ગ્રાહકોને સસ્તા દરે વીજળી મળી રહે અને વીજ ઉત્પાદન ખર્ચનું ભારણ ગ્રાહકો પર ન પડે તે માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારે અનેકવિધ નિર્ણયો ગ્રાહકોના હિતમાં કર્યા છે જેના ભાગરૂપે રાજ્ય સરકાર હસ્તકની વીજકંપનીઓ દ્વારા ગ્રાહકો પાસેથી વસૂલાતા ફ્યુઅલ સરચાર્જમાં પ્રતિ યુનિટ ૧૬ પૈસાનો ઘટાડો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જેના પરિણામે રાજ્યના અંદાજે ૧.૩૦ કરોડથી વધુ ગ્રાહકોને રૂપિયા ૩૧૦ કરોડની રાહતોના લાભ મળશે.

ઊર્જામંત્રીએ ઉમેર્યું કે વીજ વપરાશ કર્તા ગ્રાહકો પાસેથી વીજ બિલમાં એનર્જી ચાર્જ ઉપરાંત ફ્યુઅલ સરચાર્જ લેવામાં આવે છે. આ ફ્યુઅલ સરચાર્જની વસુલાત નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા નક્કી કરેલ ફોર્મ્યુલાના આધારે વસૂલવામાં આવે છે. પાછલા ત્રિમાસિક ગાળા દરમિયાન એટલેકે જાન્યુઆરી ૨૦૨૦થી માર્ચ ૨૦૨૦ દરમિયાન ફ્યુઅલ સર ચાર્જની વસુલાત પ્રતિ યુનિટ રૂ ૨.૦૬ પૈસા લેખે વસૂલાતો હતો તેની સામે એપ્રિલ ૨૦૨૦ થી જૂન ૨૦૨૦ ના ત્રિમાસિક ગાળા દરમિયાન ફ્યુઅલ સરચાર્જ પ્રતિ યુનિટ રૂપિયા ૧.૯૦ ના દરે વસૂલવાનો થાય છે આમ ગત ત્રિમાસિક ગાળા કરતાં આ ત્રિમાસિક ગાળામાં ફ્યુઅલ સરચાર્જ પ્રતિ યુનિટમાં ૧૬ પૈસાનો ઘટાડો થયો છે આ ઘટાડાના કારણે વીજ ગ્રાહકોને રૂપિયા ૩૧૦ કરોડની રાહત મળશે. આ ફ્યુઅલ સરચાર્જ ઘટવાનું મુખ્ય કારણ એ છે કે આ ત્રિમાસિક ગાળા દરમિયાન રાજ્ય સરકારે સસ્તા દરે ગેસ ગ્રાહકોના હિતમાં ખરીદ્યો છે અને ગેસ આધારિત વીજ ઉત્પાદન કર્યું છે જેને લીધે વીજ ઉત્પાદન ખર્ચ ઓછું થયું છે જેનો સીધો લાભ વીજ ગ્રાહકોને આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે એટલે કે અંદાજે ૧.૩૦ કરોડ થી વધુ ગ્રાહકોને આ લાભ સીધે સીધો મળતાં તેમના વીજ બીલમાં રાહત થશે અને બિલ ઓછું આવશે.

રત્નકારોને સુરતથી સૌરાષ્ટ્ર જવા કલેકટર મંજૂરી આપશે

હજુ સુધીમાં ૨૩ ટ્રેનોમાં કુલ ૨૮ હજારથી વધુ શ્રમિકોને વતન મોકલાયા છે : આજે ૧૨ ટ્રેનો દોડાવાશે : સરકાર

ગાંધીનગર,તા.૫

મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં રોજગારી અર્થે આવેલા શ્રમિકોને તેમના વતન મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સુરતથી સૌરાષ્ટ્ર જવા ઇચ્છતા રત્ન કલાકારો સહિતના લોકોને આવતીકાલથી કલેકટર દ્વારા મંજૂરી અપાશે.

જો કે, શ્રમિકોએ ધીરજ રાખવાની જરૂર છે, રાજ્ય સરકાર સંપૂર્ણ વ્યવસ્થા કરી આપશે. અત્યારસુધીમાં રાજ્યમાંથી સવા ત્રણ લાખ લોકોને વતન મોકલવામાં આવ્યા છે. આ માટે ટ્રેનો અને ખાનગી વાહનોની સુવિધા કરવામાં આવી છે. અત્યારસુધીમાં ૩૫ ટ્રેનો થકી કુલ ૪૨ હજારથી વધુ શ્રમિકોને વતન મોકલવામાં આવ્યા છે. જેમાં ૨૩ ટ્રેનોમાં કુલ ૨૮ હજાર શ્રમિકોને વતન મોકલવામાં આવ્યા હતા અને આજે સુરતથી આઠ ટ્રેન વિરમગામથી બે ટ્રેન અને અમદાવાદથી બે ટ્રેન દોડાવવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સુરતથી સૌરાષ્ટ્ર જવા ઇચ્છતા રત્ન કલાકારો સહિતના લોકોને આવતીકાલથી કલેકટર દ્વારા મંજૂરી અપાશે.

સુરતમાં રત્ન કલાકારો અને એમ્બ્રોઈડરી કારીગરોને વતનમાં મોકલવા આવતીકાલથી રજિસ્ટ્રેશન શરૂ થશે. તમામને લકઝરી બસ દ્વારા મંજૂરી આપી પોતાના વતનમાં મોકલાશે. ઘરે જઈને તમામે ફરજિયાત ૧૪ દિવસ હોમ ક્વોરોન્ટાઇન થવું પડશે. પ્રથમ ચાર દિવસ માત્ર લકઝરી બસો મંજૂરી આપવામાં આવશે. ત્યાર બાદ ખાનગી વાહનોને છૂટ અપાશે. ઓલપાડ અને દેલાડ ખાતે ચેક પોસ્ટ ઊભી કરાશે. મુસાફરોના સ્ક્રીનીંગ બાદ બસોને રવાના કરાશે. રજિસ્ટ્રેશનની કામગીરી પણ આવતીકાલ સુધીમાં પૂર્ણ કરી દેવાશે અને શકય એટલી ઝડપથી રત્ન કલાકારોને તેમના વતન મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આમ, હવે સુરતના રત્ન કલાકારો અને એમ્બ્રોઈડરી કારીગરોને તેમના વતનમાં જવા માટેની મંજૂરી મળતાં ભારે રાહતની લાગણી ફેલાઈ હતી.